eduresourceza.com

Downloaded from eduresourceza.com

NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2017

GUJARATI FIRST ADDITIONAL LANGUAGE: PAPER II

Time: 2 hours 70 marks

PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY

1. This question paper consists of 7 pages. Please check that your question paper is complete.
2. There are four sections in this question paper. Each section has two questions. Every question has 35 marks. Only TWO questions must be answered from the entire paper. You may not answer both questions from one section.
3. Read the questions carefully.
4. Number your answers exactly as the questions are numbered.
5. It is in your own interest to write legibly and to present your work neatly.

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

આપેલા આઠ પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોનાં જવાબ લખો.

અહીં ફરજિયાત રૂપે એક લાંબો પ્રશ્ન અને એક ટૂંકો પ્રશ્ન પસંદ કરવાનો રહેશે.

પ્રશ્ન-૧.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો (કોઈપણ પાંચ) (**Any five**)

૧.૧.૧ સિદ્ધાર્થે સંસારનો ત્યાગ શા માટે કર્યો હતો ? (4)

૧.૧.૨ સિદ્ધાર્થના બોધની રાજા બિંબિસારના મન પર શી અસર થઈ ? (4)

૧.૧.૩ કથાના શબ્દો સાંભળવાથી ચોરને શું ફાયદો થયો ? (4)

૧.૧.૪ ચોરના બાપે મરતી વેળા એને શી સલાહ આપી હતી? (4)

૧.૧.૫ પુંડલિકના વર્તનની ભગવાન પર શી અસર થઈ ? (4)

૧.૧.૬ લેખક બારામુલ્લા શા માટે ગયા હતા ? (4)

૧.૧.૭ લેખકને પગરિક્ષાવાળાની પ્રામાણિકતાનો અનુભવ કઈ રીતે થયો ? (4)

(20)

પ્રશ્ન- ૧.૨ વ્યાકરણ

૧.૨.૧ નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખો. (કોઈપણબે)

અ. પ્રામાણિક

બ. સારો

ક. પ્રસન્ન (2)

૧.૨.૨ નીચે આપેલા શબ્દોના સામાનાર્થી લખો. (કોઈપણ બે)

અ. વૃદ્ધ

બ. પ્રભુ

ક. શૂળ (2)

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

૧.૨.૩ નીચે આપેલા શબ્દો માટે એક શબ્દ લખો. (કોઈપણ બે)

અ. જે ટપાલ લાવે તે

બ. જેનું ભાગ્ય સારું છે તે

ક. જેનો કોઈ સહારો નથી તે (2)

૧.૨.૪ નીચેના શબ્દોની લિંગ બદલો. (કોઈપણ બે)

અ. દેવ

બ. રાણી

ક. માતા (2)

૧.૨.૫ નીચે આપેલ જોડકાં યોગ્ય રીતે જોડો.
(આપેલ રૂઢિપ્રયોગનો બંધબેસતો અર્થ શોધો)

અ	બ
અ. ગળે પડવું	અ. ખોટો આરોપ મૂકવો
બ. પેટમાં વાત રાખવી	બ. આબરૂ સાચવવી
	ક. વાત ખાનગી રાખવી

(4)

૧.૨.૬ નીચે આપેલા શબ્દોનું યોગ્ય વચનનું રૂપ લખો.

અ. લેખક બ. દોસ્ત ક. આંગળી (3)

(15)

[35]

અથવા

પ્રશ્ન– ૨ "રામશરણની પ્રામાણિકતા" તમારા શબ્દોમાં રજૂ કરો. **[35]**

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

અથવા

પ્રશ્ન – ૩

૩.૧ મધુએ માલવ પાસે શી માંગણી કરી ? શા માટે ? (5)

૩.૨ માલવને બે હજારનું પાકીટ ક્યાથી મળ્યું ?
તેણે એનું શું કર્યું ? (5)

૩.૩ માલવ કેમ મધુને મદદ કરી શકે તેમ નહોતો ? (5)

૩.૪ માથુર પટેલે માલવને કઈ મુશ્કેલીઓ અંગે જણાવ્યું ? (5)

૩.૫ નીચે આપેલ રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં વાપરો.

૩.૫.૧ કરમની કઠણાઈ બેસવી (2)

૩.૫.૨ ગડમથલમાં પડવું (2)

૩.૫.૩ નિસાસો નાંખવો (2)

૩.૬ નીચે આપેલા શબ્દોનાં સમાનાર્થી શબ્દો લખો.
આંખ ઈશ્વર (4)

૩.૭ નીચે આપેલા વાક્યોમાંથી સર્વનામ શોધી જણાવો.

અ. એને મંજરીની વાત યાદ આવી ગઈ.

બ. તે લમણે હાથ દઈ એકાંત ગરનાળા પાસે બેઠો.

ક. કોણ કહે છે કે ભગવાન નથી.

ડ. ભગવાન, તું કેટલો દયાળુ છે.

ક. પોતાને મળેલું પાકીટ માલવે સંતોષભાઈને ઘેર પહોંચાડયુ. (5)

[35]

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

અથવા

પ્રશ્ન- ૪ દુ:ખી બહેનને મદદ કરવા ઈચ્છતા માલવને કઈ કઈ અઘરી પરિસ્થિતિનો સામનો કરવો પડયો. આ વાત તમારા શબ્દોમાં રજૂ કરો. **[35]**

અથવા

પ્રશ્ન-૫ નીચે આપેલા પદ્યોમાંથી કોઇપણ ત્રણ પદ્યને તમારા શબ્દોમાં સમજાવો. (કોઇ પણ પાંચ) (Answer અ and બ. Then answer either ક or ડ.)

અ. કાશી જાઓને ગંગાજી ના'ઓ પ્રભુ નથી પાણી પવનમાં રે.
જોગ કરીને ભલે જગન કરાવો, પ્રભુ નથી હોમ હવનમાં રે.
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
હરિ વસે હરિના જનમાં રે. (12)

બ. કહું શું શું ગમે ? મને શું શું ગમે ?
અંધારી રાતે ઊંડા આકાશમાં, તારા તણા પલકારા ગમે.
વાદળીઓ વચ્ચે રમતાં ચાંદાના રૂપેરી તેજના ક્યારા ગમે.
ઊગી આથમતા સૂરજના તેજના ઊડતા આભે ફુવારા ગમે. (12)

ક. એ જી તારા આંગણિયાં પૂછીને કોઈ આવે રે;
આવકારો મીઠો આપજે રે !
એ જી તારે કાને રે સંકટ કોઈ સંભળાવે રે,
બને તો થોડું કાપજે રે !
માનવીની પાસે કોઈ માનવી ના આવે રે,
એ જી તારા દિવસની પાસે રે દુ:ખિઆ આવે રે
આવકારો મીઠો આપજે રે.! (11)

અથવા

ડ. જો ઊડો તો જરૂર ડર છે ક્રૂર કો હસ્તનો હા!
ફ્હાણો ફેંકે તમ તરફ રે! ખેલ એ તો જનોના !
દુ:ખી છું કે કુદરત તણા સામ્યનું ઐક્ય ત્યાગી,
રે રે સત્તા તમ પર જનો ભોગવે ક્રૂર આવી. (11)

[35]

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

અથવા

પ્રશ્ન– ૬ નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.
(કોઈ પણ પાંચ) (**Any five**)

૬.૧ પ્રશ્ન ૫–અ માં લોકો પ્રભુ મેળવવા શું શું કરે છે ? (7)

૬.૨ પ્રશ્ન ૫–અ માં મીરાંબાઈ લોકોને શી સલાહ આપે છે? શા માટે? (7)

૬.૩ પ્રશ્ન ૫–બ માં કવિને શું શું ગમે છે ? (7)

૬.૪ પ્રશ્ન ૫–ક માં ઘરને આંગણે આવનારને કવિ શું ન કહેવાનું કહે છે ? શા માટે ? (7)

૬.૫ પશ્ન ૫–ડ માં કવિને કઈ વાતનું દુઃખ થાય છે ? (7)

૬.૬ નીચેની પંક્તિ તમારા શબ્દોમાં સમજાવો.

માનવીની પાસે કોઈ માનવી ના આવે રે;
એ જી તારા દિવસની પાસે રે દુઃખિયા આવે રે. (7)

૬.૭ નીચેની સુભાષિત તમારા શબ્દોમાં સમજાવો.

દીપકના બે દીકરા કાજળ ને અજવાશ,
એક કપૂત કાળુ કરે બીજો દિયે પ્રકાશ. (7)

૬.૮ માંગ્યા પ્રમાણે જવાબ લખો.

અ. સમાનાર્થી લખો. પ્હાણો, માનવી, દિવસ, આકાશ, ચાંદો
બ. આવકારો કવિતાના કવિ.........છે.
ક. મને જોઈને ઊડી જતાં પક્ષીઓને કવિતાના કવિ...........છે. (7)

[35]

અથવા

પ્રશ્ન–૭. 'ભગવાને નામ પાડયા' નાટકની વિનોદી કલ્પના તમારા શબ્દોમાં વાર્તારૂપે લખો.

[35]

Downloaded from eduresourceza.com

Downloaded from eduresourceza.com

અથવા

પ્રશ્ન-૮ (ભગવાને નામ પાડયા)

૮.૧ ચિત્રગુપ્તને શી મુશ્કેલી નડી ? (6)

૮.૨ ચિત્રગુપ્તને ચોપડામાં શું લખવાનું હતું ? (5)

૮.૩ ભગવાનને શી મુશ્કેલી નડી ? આખરે તનો શું ઉપાય કરવામાં આવ્યો ? (7)

૮.૪ નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.

ક. ભગવાને પહેલેથી જ બધાને નામ આપી દીધા હતા.

ખ. માનવીઓના નામ એકસરખા પાડવામાં આવ્યા. (4)

૮.૫ નીચેના વાક્યો પૂર્વાપર સંબંધ આપી સમજાવો.

(પૂર્વાપર = કોણ બોલે છે, કોને કહે છે, અને ક્યારે કહે છે અથવા શા માટે કહે છે)

૧. 'ચિત્રગુપ્ત, આ માનવીઓ જબરા ધમાલિયા છે હોં મને જંપીને બેસવા નથી દેવાના.'

૨. 'પ્રભુ, બહાર થોડા મનુષ્યો આવ્યાં છે.' (8)

૮.૬ નીચે આપેલા શબ્દોનાં વિરોધી શબ્દો લખો.

જિંદગી પાછળ મારું

મોડું લાંબુ (5)

[35]

Total: 70 marks

Downloaded from eduresourceza.com